ક્રમાંક: જીઆઈડીસી/એએલટી/
પોસ્ટ-વિતરણ/પોલિસી/૩૧
જીઆઈડીસી, વડી કચેરી,
ગાંધીનગર.
તા-૦૯/૧૨/૨૦૨૧

// પરિપત્ર //

વિષય : ૨ (આર)/મોર્ગેજ પરમીશનની નીતિ બાબત.

ફાળવણીદાર દ્વારા તેમની નાણાંકીય જરૂરીયાતો પૂર્ણ કરવામાં માટે બેન્કો નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવા માટે નિગમને ૨(આર)/મોર્ગેજ પરમીશન માટે જરૂરી પુરાવા સાથે અરજી કરવામાં આવે ત્યારે નિગમ દ્વારા મોર્ગેજ પરમીશન જારી કરવામાં આવે છે. નિગમનો મૂળ હેતુ ઉદ્યોગો સ્થપાય, રોજગારીનું સર્જન થાય અને આર્થિક વિકાસ સાધવા બાબતનો છે. પરંતુ નિગમના ધ્યાને આવેલ છે કે, ફાળવણીદાર દ્વારા નિગમ પાસેથી મોર્ગેજ પરમીશન મેળવી, નાણાકીય સંસ્થઓમાંથી લોન મેળવ્યા બાદ પણ પ્લોટ ઉપર બાંધકામ કરવામાં આવેલ હોતુ નથી તથા મિલકત ખુલ્લી પડી રહે છે. જેથી નિગમ દ્વારા મોર્ગેજ પરમીશન જારી કરવા બાબતે વધુ ચોકસાઈ રાખવી જરૂરી બનતી હોઈ, નિગમના નિયામક મંડળની તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ યોજાયેલ ૫૧૪મી સભામાં નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંક:૩/પો.વિતરણ/૫૧૪ સાદર કરવામાં આવેલ.

- **પ્રસ્તુત બાબતે નિગમ દ્વારા થયેલ ઠરાવ ક્રમાંક: ૧૩૧/ પો.વિતરણ/૫૧૪ અન્વયે નીચે મુજબ જોગવાઈ અમલમાં મૂકવામાં આવે છે.**

"નિગમ દ્વારા ફાળવણીદારને મિલકતના વપરાશ માટે મિલકતના વિસ્તાર મુજબ નિયત સમયમર્યાદા (મોરેટોરીયમ પીરીયડ) આપવામાં આવે છે. જો સદર નિયત સમયમર્યાદામાં ફાળવણીદાર દ્વારા મિલકતનો વપરાશ કરવામાં ન આવે તો મિલકતના ઉપયોગની સમયમર્યાદા વધારી આપવા બાબતે અરજી કર્યેથી સમયમર્યાદા વધારી આપવામાં આવે છે. આથી, જો મિલકતનો મોરેટોરીયમ પીરીયડ પૂર્ણ થયેલ હોય કે વપરાશની સમયમર્યાદા પૂર્ણ થયેલ હોય અને જો મિલકત ખુલ્લી રહેલ હોય તો મોર્ગેજ પરમીશન જારી કરવાની રહેશે નહીં."

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ-વિતરણ)ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**<u>નકલ રવાના :</u>**

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇંડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૨. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

૩. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ પરિપત્ર નિગમની વેબસાઇટ પર મૂકવા સારું.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)